# બોર્ડ પરીક્ષા અન્વયે સ્થળ સંચાલકો સાથે જિલ્લા શિક્ષણાધિકારીની બેઠક યોજાઇ

**પરીક્ષા કેન્દ્રો પર સી સી કેમેરા યોગ્ય રીતે કાર્યરત હોય તે અનિવાર્ય : પરીક્ષા પારદર્શક અને શાંતિપુર્ણ માહોલમાં યોજાય તે અંગે જરૂરી સુચનો પણ કરાયા : બોર્ડની પરીક્ષાના આડે હવે માત્ર ચાર દિવસ જ બાકી વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત**

ગાંધીનગર તા ૨૩

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે. અગામી સપ્તાહમાં બોર્ડની પરીક્ષા શરૂ થશે ગત વર્ષે કોવિડના કહેર વચ્ચે બાર્ડની પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ હતુ જયારે બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ તંત્ર પણ જરૂરી તૈયારીમાં વ્યસ્ત જોવા મળે છે. થોડા દિવસો અગાઉ પરીક્ષા સમિતિની બેઠક પણ યોજવામાં આવી હતી જેમાં બોર્ડની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાય અને પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે મુજબનુ આયોજન કરવા માટે પણ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે કાઉન્સિલરોની નિમણુંક પણ કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનુ નિરાકરણ લાવી શકાય બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીની સ્થળ સંચાલકો સાથે પણ બેઠક યોજવામાં આવી હતી આ દરમિયાન પરીક્ષા શાંતિપુર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે સ્થળ સંચાલકોને જરૂરી સુચનાઓ પણ આપવામાં આવી હતી જેમાં પરીક્ષા બિલ્ડીંગના સી સી ટી વી કેમેરા યોગ્ય રીતે કામ કરતા હોય તેની વિશેષ તકેદારી રાખવા માટે પણ જણાંવાયુ હતુ. બોર્ડ પરીક્ષા દરમિયાન ગાંધીનગર જિલ્લામાં વિશેષ કોપી કેસ થતા નથી પરંતુ કોપી કેસ થાય તેવા કિસ્સામાં સી સી કેમેરાનુ ફુટેજની ખાસ ચકાસણી કરવામાં આવતી હોય છે. આવા કિસ્સામાં સી સી કેમરાના ફુટેજ મહત્વના પુરવાર થાય છે. જેને અનુલક્ષીને પણ સ્થળ સંચાલકોને વિશેષ તકેદારી રાખવા માટે સુચના આપવામાં આવી હતી. પરીક્ષા બિલ્ડીંગમાં સ્વચ્છતા જળવાય તેમજ આસપાસના વિસ્તારમાં પણ અન્ય પ્રકારની ખલેલ ન પહોંચે તે મુજબ પરીક્ષા સ્થળો આસપાસનુ વાતાવરણ પણ શાંતિપુર્ણ બની રહે તે અંગે પણ સુચનો કરાયા હતા. બોર્ડ પરીક્ષા હવે નજીકમાં છે ત્યારે વિદ્યાર્થીઓ પણ આખરી તબક્કાની તૈયારીમાં મસ્ત અને વ્યસ્ત જોવા મળી રહ્યા છે.

# આમ આદમી પાર્ટી અને સેવાદળના હોદ્દેદારો-કાર્યકરો ભાજપમાં જોડાયા




ગાંધીનગર, તા. ૨૩

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, દેશના ગૃહમંત્રી અને સહકારમંત્રી અમિતભાઇ શાહ તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને પેજ સમિતિના પ્રણેતા સી.આર. પાટીલ તેમજ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ જે રીતે દેશમાં અને રાજયમાં વિકાસની રાજનીતી અને સેવાકીય પ્રવૃતિના કાર્ય કરી રહ્યા છે તેનાથી પ્રેરાઇ મોટી સંખ્યામાં લોકો ભારતીય જનતા પાર્ટી સાથે જોડાય છે ત્યારે આજે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં તેમજ પ્રદેશના મહામંત્રી રજનીભાઇ પટેલ, પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશના ઉપાધ્યક્ષ જંયતીભાઇ કવાડીયા સહિતના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો તેમજ અંખડ ભારત રાષ્ટ્રવાદી સેવા દળના અધ્યક્ષ પ્રવિણસિંહ સિંઘા તેમજ તેમના કાર્યકરો સહિત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના વરદ હસ્તે ખેસ પહેરી ભાજપમાં જોડાયા હતા.

આ કાર્યક્રમમાં પ્રદેશમાં મહામંત્રી રજનીભાઇ પટેલએ સંબોધન કરતા જણાવ્યુ કે આજે ગુજરાતના ૧૧ જીલ્લામાંથી આમ આદમી પાર્ટીના કાર્યકરો અને હોદેદારો, અખંડ ભારત રાષ્ટ્રવાદ સેવાદળના પ્રવિણભાઇ તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, મહામંત્રીઓ રજનીભાઇ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, ઉપાધ્યક્ષો જયંતીભાઈ કવાડીયા, જનકભાઇ બગદાણા, ધારાસભ્ય મયુરભાઇ રાવલ, યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંતભાઇ કોરાટ, પ્રદેશના સહ પ્રવકતાઓ ભરતભાઇ ડાંગર, ડો. રૂત્વીજ પટેલ, હિતેન્દ્રભાઇ પટેલ, બટુકભાઇ વડોદરિયા, ગોપાલભાઇ રાદડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પોલીસ ગ્રેડ પે મુદ્દે નિર્ણય નહી આવતા આંદોલનકારી મહિલા કોન્સ્ટેબલના ઉપવાસ શરુ




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરી સત્યાગ્રહ છાવણી ખાતે પાંચ માસ અગાઉ પોલીસ ગ્રેડ પે મુદ્દે આંદોલન થયું હતું. જેમાં પોલીસ પરિવારની મહિલાઓ મોટીસંખ્યામાં ઉમટી પડી હતી. આંદોલન બાદ ખાસ એક કમિટી બનાવાઈ હતી અને બે માસમાં રીપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવનાર હતી. ત્યારે પોલીસ ગ્રેડ પે મુદ્દે સમય વિતી ગયો હોવા છતા કોઈ નિરાકરણ નહી આવતા આજે બપોરના સમયે ગાંધીનગર અખબાર ભવન ખાતે સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નિલમ મકવાણા આવી ગયા હતા અને ઉપવાસ આંદોલન શરુ કર્યું હતું. જો કે ગણતરીના સમયમાં જ પોલીસ આવી પહોંચીને નિલમ મકવાણાની અટકાયત કરવામાં આવી હતી.જયારે મહિલા કોન્સ્ટેબલ વીર ભગતસિંહનો ફોટો લઈને આવી પહોચી હતી અને કહ્યું કે પાંચ માસનો સમયગાળો વીતી ગયો હોવા છતા કમિટી તરફથી કોઈ જવાબ મળતો નથી. જેથી હુ ગ્રેડ પે નો ચુકાદો નહી આવે ત્યાં સુધી પ્રવાહી લઈશ અને ઉપવાસ આંદોલન કરીશ.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પોલીસ ગ્રેડ પે મુદ્દે આંદોલન થયું હતું. જેમાં પોલીસ પરિવારની ૧૫ જેટલી માંગણીઓ હતી. કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈના ગ્રેડ પે ઓછા છે. જેના સ્થાને ૨૮૦૦,૩૬૦૦ અને ૪૨૦૦ કરવા રજુઆત કરાઈ હતી. પરંતુ જે તે સમયે સરકારે કમિટી રચના કરવામાં આવી હતી. પરંતુ કમિટી બન્યા બાદ પણ પાંચ માસનો સમય વિતી ગયો હોવા છતા ગ્રેડ પે મુદ્દે કોઈ નિરાકરણ નહી આવતા આંદોલનકારી નિલમ મકવાણા અને આપ પાર્ટીના કોર્પોરેટર પણ ઉપવાસ આંદોલન માટે આવી પહોંચ્યા હતા. ત્યારે નિલમ મકવાણાએ જણાવ્યું કે બે મહિનામાં સરકાર રીપોર્ટ કરવાની હતી. પરંતુ તે વાતને પાંચ માસ થઈ ગયા છે. હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. આરટીઆઈ કરી વિગત માંગી છે પરંતુ સંતોષકારક જવાબ મળ્યો નથી. ત્યારે હાજર પોલીસ દ્વારા નિલમ મકવાણા અને આપના કોર્પોરેટરની અટકાયત કરી લીધી હતી.

# ૨૮ અને ૨૯ માર્ચે બેંકના કર્મચારીઓની હડતાળ

**કરોડોના વ્યવહારને થશે અસર : સરકારની જાહેર સાહસ વિરોધી નિતિ સામે બેંક કર્મચારીઓએ હડતાળ પાડવાની જાહેરાત**

અમદાવાદ, તા.૨૩

બેંકોના ખાનગીકરણને લઈને છેલ્લા ઘણા સમયથી વિરોધના સૂર ઉઠી રહ્યા છે. પરિણામે ૨૮ અને ૨૯ માર્ચના રોજ બેંકોની બે દિવસીય હડતાળની જાહેરાત કરવામાં આવી છે. ઓલ ઇન્ડીયા બેંક એમ્પલોયી એસોસીએશનના નેજા હેઠળ બેંક કર્મચારી કામથી અળગા રહેશે. જાણવા મળી રહ્યું છે કે સરકારની જાહેર સાહસ વિરોધી નિતિ સામે બેંક કર્મચારીઓએ હડતાળની જાહેરાત કરી છે.

અગાઉ પણ અનેક વખત બેંકોમાં હડતાળ પાડીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો ત્યારે હવે ફરી એકવાર બેંકના કર્મચારીઓ આક્રમક મોડમાં જોવા મળશે. નેશનલાઇઝ બેંકોના કર્મચારીઓ ફરી એકવાર ૨૮ અને ૨૯ માર્ચ એમ બે દિવસ રાષ્ટ્રવ્યાપી હડતાળ પર ઉતરશે. મહત્વનું છે કે કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે બે સરકારી બેંકો અને એક વિમા કંપનીનું ખાનગીકરણ કરીને ૧.૭૫ લાખ કરોડ રૂપિયા મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે. જાણવા મળી રહ્યું છે કે નેશનલાઇઝ બેંકોના કર્મચારીઓની ૮ માગણીઓ મુદ્દે બેંક કર્મચારી સાથે સેન્ટ્રલ ટ્રેડ યુનિયન તથા સ્વતંત્ર ફેડરેશનના સભ્યો પણ જાહેર ક્ષેત્રોને મજબુત બનાવવા હડતાળમાં જશે.

નેશનલાઇઝ બેંકોના કર્મચારીઓની જે માંગણી છે જેમાં મુખ્યત્વે બેંકોનું ખાનગી કરણ બંધ કરવુ, બેંક લોનની રીકવરી શરુ કરવી, બેંકની થાપણના વ્યાજમાં વધારો કરવો, ગ્રાહકો પર ઊંચા સર્વિસ ચાર્જનો બોજ ન નાખવો, નવી પેન્શન યોજના રોકો- ડીએ લિંક્ડ પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવી, આઉટ સોર્સીંગ બંધ કરી કાયમી ભરતી કરવી, તમામ કોન્ટ્રાક્ટ કર્મચારીઓને કાયમી કરવા જેવા મુદ્દે બે દિવસીય હડતાળ યોજલામાં આવશે.

જાણવા મળી રહ્યું છે કે હડતાળને પગલે કરોડોના ટ્રાન્જેક્શન ખોરવાઈ જવાની શક્યતા જોવામાં આવી રહી છે. માત્ર ગુજરાતની કુલ ૩૬૬૫ રાષ્ટ્રીયકૃત બેંક શાખાઓ હડતાળના કારણે બંધ રહેશે અને કુલ ૪૦૦૦૦ બેંક કર્મચારીઓ હડતાળમાં ભાગ લેશે. જેના કારણે ગુજરાતમાં રૂ.૨૫૦૦૦ કરોડના કુલ વ્યવહારોને અસર થશે.

# 'વહેલી ચેતવણી અને વહેલી કાર્યવાહી' થીમ અંતર્ગત વિશ્વ હવામાન દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૨૩

વૈશ્વિક તાપમાનમાં વધારો, ગ્લોબલ વોર્મિંગ, કલાઈમેટ ચેન્જ , જેવી હવામાનલક્ષી બાબતો અંગે નાગરિકોને જાગૃત કરવા પ્રતિવર્ષ તા.૨૩મી માર્ચે વિશ્વ હવામાન દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ગુજરાત સાયન્સ સિટી દ્વારા હવામાનને લગતા પ્રશ્નો અને તેના સમાધાન વિશે નાગરિકોમાં જાગૃતિ વધારવાના હેતુ થી 'વહેલી ચેતવણી અને વહેલી કાર્યવાહી'ના થીમ અંતર્ગત વિશ્વ હવામાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત પ્રવર્તમાન થીમ પર ઇસરો-સેકના પૂર્વ વિજ્ઞાની ડો. સી.એમ.નાગરાણી સાથે ઈંટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડો.નાગરાણીએ રસપ્રદ ચર્ચા દ્વારા હવામાનને લગતા પ્રશ્નો વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા સજાગ બની કેવી રીતે નિરાકરણ લાવી શકાય તે અંગે જાણકારી આપી હતી. હવામાનના ફેરફારો વિશે વહેલી જાણકારી મળે અને તેના ઉપર વહેલા એકશન લઈ શકાય તે માટે સૅટેલાઈટના ઉપયોગ વિશે પણ ડો.નાગરાણીએ ચર્ચા કરી હતી. હવામાનમાં ફેરફારો થતાં વાવાઝોડા, અતિભારે વરસાદ જેવી કુદરતી આફતોમાં અવકાશી સેટેલાઈટ દ્વારા સતત નજર રાખી જાનમાલથી થતાં નુકશાનને ઘટાડી શકાય છે. ભારતીય સ્પેસ એજન્સીઓ અને હવામાન વિભાગ તથા ડીઝાસ્ટર મેનેજમેંટ વિભાગ સાથે સંયુક્ત રીતે સેટેલાઈટની મદદથી આવી આફતોની તીવ્રતા, સમય , ઝડપ, સ્થળ અંગેની ગણતરીથી આગોતરા પગલાં લઈ આવી કુદરતી હોનારતોથી ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે કાર્યરત રહે છે. ઈસરોના અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લિકેશન સેન્ટર ખાતે ઈન્સેટ થ્રિડી, થ્રિડીઆર અને સ્કાટસેટ જેવા વેધર સેટેલાઈટની મદદથી સેટેલાઈટ ડેટા મેળવવામાં આવે છે તથા હૈદરાબાદ સ્થિત નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર તેના પર પ્રોસેસિંગ કરવામાં આવે છે જેનાથી હવામાન વિભાગ આગોતરા પગલાં લઈ શકે છે.

આ ઉપરાંત વિશ્વ હવામાન દિવસની ઉજવણી અંતર્ગત હવામાનના અભ્યાસ માટે ઉપયોગમાં આવતા વિવિધ સાધન સામગ્રીની જાણકારી આપતા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક આ વકશોપમાં ભાગ લઈ જ્ઞાનવર્ધક માહિતી મેળવી હતી. સાયન્સ સિટી દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે કેમ્પસ અને તેની અત્યાધુનિક ગેલેરીઓની ગાઈડેડ ટુરનું આયોજન કરાયું હતું. આમ વિદ્યાર્થીઓ માટે આ ઉજવણી જ્ઞાન અને મનોરંજનથી ભરપૂર બની રહી હતી.

# આજે વિશ્વ ક્ષય દિવસ : ગાંધીનગરમાં ૨૦૨૧માં ૩૪૧૦ ટીબીના દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૩

જર્મન વૈજ્ઞાનિક ડૉ. રોબર્ટ કોક તારીખ ૨૪ માર્ચ ૧૮૮૨ના રોજ ટ્યુબર ક્યુલો બેસીલાઈની શોધ કરી હતી. આ શોધની યાદમાં ૨૪ મી માર્ચે વિશ્વ ક્ષય દિવસ ઉજવવામાં આવે છે. ક્ષય રોગ જંતુ જન્ય અને ચેપી રોગ છે. આ રોગ ટ્યુબર ક્યુલોસીસ માઈક્રોબેસીલાઈ નામના જંતુ દ્વારા ફેલાય છે.

ગાંધીનગર જિલ્લા ક્ષયકેન્દ્રમાં એમ.ડી.આર. તેમજ એકસ ડી.આર. ટીબીની ડાયનોસીસની વ્યવસ્થા CBNAAT પદ્ધતિથી કરવામાં આવે છે. હાલમાં એમ.ડી.આર. ટીબીનું પ્રમાણ નવા કેસોમાં ૧ થી ૩ ટકા જ્યારે જૂના કેસોમાં ૧૨ થી ૧૫ ટકા જેટલુ છે. જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગરમાં CBNAAT મશીન ભારત સરકારે ફાળવેલ છે. તેનાથી ટીબીના દર્દીઓનું ઝડપી બે કલાકમાં નિદાન થાય છે. તથા MDR છે કે નહિ તેનું પણ ઝડપથી થાય છે. આ ઉપરાંત ટીબીના શોધાયેલ તમામ દર્દીઓનું MDR TB છે કે તેનુ પણ નિવેદન થાય છે.

ગાંધીનગર જિલ્લાને પણ એમ.ડી.આર.ના દર્દીઓનો ખુબ જ ઝડપી આરામ થાય તેમજ સારો આઉટ કમ મળે તે સારૂ (૧) બીડાકવીલીન કંટેન રેજીમેનની સારવાર (૨) ડીએસટી ગાઈડેડ સારવાર (૩) મોનો એચ સારવાર (૪) ઓરલ લોંગર સારવાર આપવામાં આવે છે. બીડાવીલીન રેજીમેનની મોંઘી સારવાર તથા એમ.ડી.આર.ના દર્દીને સારવારનો ખર્ચ ૩-૪ લાખ રૂપિયા પ્રતિ દર્દી છે જે સરકારી દવાખાનામાં તદ્દન વિનામૂલ્યે આપવામાં આવે છે.

જિલ્લામાં પ્રાઈવેટ ડોકટર્સ ધ્વારા વર્ષ ૨૦૧૩ માં ૫૩૧, ૨૦૧૪માં ૧૦૪૬, ૨૦૧૫માં ૧૦૧૦ અને ૨૦૧૬ માં ૧૨૧૦, ૨૦૧૭માં ૧૨૬૨ ૨૦૧૮માં ૧૨૮૧, ૨૦૧૯માં ૧૯૨૫ ૨૦૨૦માં ૯૦૦ અને ૨૦૨૧માં ૭૯૫ દર્દીઓ નોંધાયેલ છે.

સરકાર દ્વારા ટીબીના દર્દીઓને વિના મૂલ્યે રોગનું નિદાન તથા સારવાર કરવામાં આવે છે, અને જેને ટીબી માલુમ પડે તેવા વ્યક્તિને ૬ થી ૮ મહીના સુધી અથવા રોગ મટે નહી ત્યાં સુધી મફત ટીબીની (ડોટસ પદ્ધતિની) સારવાર આપવામાં આવે છે.

હાલમાં નવી ટેકનીકલ ઓપરેશન ગાઈડલાઈન પ્રમાણે કેટેગરી-૧, ૨ના ટીબીના દર્દીઓને ઈન્ટરમીટન્ટ (અઠવાડીયામાં ત્રણ દિવસ) ડોટસ પદ્ધતિની સારવારની જગ્યાએ ડેઈલી રેજીમેન આપવાનું માટે ઓકટો-૨૦૧૭ થી ચાલુ કરવામાં આવેલ છે. તેમજ ટીબી એચ.આઈ.વી. તથા બાળક દર્દીઓને ડેઈલી રેજીમેન ૯૯ ડોટસ પધ્ધતિથી સારવાર આપવાનું શરૂ કરેલ છે.



## શહેરમાં સૈયદ સમાજ જીવનસાથી પસંદગી મેળો યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૭ કમ્યુનિટી હોલ ખાતે તાજેતરમાં સૈયદ સાદાત કમ્યુનિટી ઓફ ગાંધીનગર તરફથી જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયભરમાંથી આ જીવનસાથી પસંદગી મેળામાં લગ્નઈચ્છુક સૈયદ સમાજના ૧૨૦ યુવક-યુવતિ ઉપસ્થિત રહીને ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે એમ.એ.હુસેની (નિવૃત ડેપ્યુટી કમિશનર સેલ્સ ટેક્ષ), અને એમ.એ.સૈયદ (નિવૃત ડેપ્યુટી કલેકટર) દ્વારા સમાજના નવા યુવાવર્ગને સમાજની સ્થિતિ અને શિક્ષણના મહત્વ વિશે મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સૈયદ સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સુધારણા માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર કોબા એરોડ્રોમ રોડ પર પી ડી પી યુ જંકશન પર ફ્લાય ઓવર તૈયાર કરવા માટે પણ રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે.ગાંધીનગરમાં નવા આવાસો બાંધવા તેમજ માર્ગોને અપગ્રેડ કરવા માટે નવા ફ્લાય ઓવર બ્રિજ બાંધવા માટે પણ કામોને મંજુરી આપવામાં આવી છે. જયારે માર્ગ મકાન વિભાગના અંદાજપત્રમાં પાટનગર યોજના વિભાગમાં સમાવિષ્ટ આગામી વર્ષના કામોને અનુલક્ષીને વિશેષ ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. ખાસ કરીને નવા આવાસો તેમજ રસ્તાના કામોને પણ અગ્રતા આપવામાં આવી છે. જેના લીધે હાલ મોટાભાગના કામો ચાલી રહ્યા છે. જયારે આગામી દિવસોમાં પણ માર્ગ સુધારણા અને નવા બિલ્ડીંગો બાંધવા માટેની કાર્યયોજનાને અનુલક્ષી અંદાજિત રૂ ૧ હજાર કરોડના કામો હાથ ધરવામાં આવશે.

## ખડક્લો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં પાણી ગટર લાઈનની કામગીરીના લીધે સાંજ ઢળતા ધુળિયુ વાતાવરણ થઈ જાય છે. આ સ્થિતિ વચ્ચે એલર્જીના દર્દીઓ વધુ પરેશાન થાય છે. જેનો વિશેષ ખ્યાલ રાખી ખોદકામના અંતે સ્થાનિકો માટે જોખમી સ્થિતિ ન સર્જાય તે મુજબનુ આયોજન કરવા પણ રજુઆતમાં જણાંવાયુ છે.

## વિધાનસભામાં....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માતા-પિતા પૈકી કોઈપણ એક વાલીનું અવસાન થયું હોય તેવા બાળકોને માસિક રૂ. ૨૦૦૦ની સહાય આપવાની જોગવાઈ ૨૮-૭-૨૧ના ઠરાવથી કરાઈ છે.

૨૦૨૧ના વર્ષમાં જિલ્લામાં ૮૧૪ અરજીઓ મળી હતી. જે પૈકી ૬૬૪ અરજીઓ મંજુર કરવામાં આવી છે અને ૧૫૦ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. હાલ જિલ્લામાં આવી કોઈ અરજી પડતર નથી.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે..અનેકવિધ ગ્રંથો કે ઉપદેશો આત્મસાત કરતો માણસ ઘણીવાર 'પાની બીચ મીન પ્યાસી' એવો અનુભવ કરતો રહે છે..સપાટી ઉપરનાં સંવેદનો આપણી સમજશકિતને સિમિત કરતાં રહે છે..માણસ અનુભવથી જે પામે છે કે ઠોકર ખાતો જાય છે અને એમાંથી એને જે પદાર્થપાઠ મળે છે એ જ એની સમજણના ચેતોવિસ્તાર જેવું હોય છે..માણસ ટહૂકાની ભાષા ઉકેલી શકે કે કોઈ ઝરણાની સંઘર્ષકથા સમજી શકે એ જરૂરી છે..ઘણીવાર સફળતા એ બાહય સંપત્તિ કે જમીન જાયદાદના વિસ્તારની મોહતાજ હોતી નથી પણ માણસની અંદરની સમજણના પ્રસ્તાર ઉપર અવલંબતી હોય છે..જીવન પણ એક રમત છે..હાર ને જીત એના નિયમ છે તો ખેલદિલીથી થતો સ્વીકાર એ એની ગરિમા છે..એવો અભિગમ જ્યારે ઘડાય છે ત્યારે અચાનક મળી જતી વિફળતા આપણને પરાજીત કરી શકતી નથી..અને મથામણથી મળેલી કોઇ સિધ્ધિ ઉન્માદક બનાવતી હોતી નથી.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે... આજે જયારે જયારે એ પરિવાર મને મળે છે ત્યારે એ દિવસ યાદ કરે છે અને મારા પ્રત્યે અહોભાવ પણ વ્યક્ત કરે છે.

મિત્રો, God help those who help them themselves અર્થાત્ જાત પર ભરોસો રાખી પોતાની ક્ષમતા ઓળખી આગળ વધો. આત્મવિશ્વાસ સફળતાનું ટોનિક છે. અંતમાં કવિ શ્રી રમેશ પારેખની પંક્તિઓ દ્વારા એટલું જ કહું છું કે;

'પછી તો...
નાંગરેલું વહાણ છોડીને ધકેલ્યું.
ચાલ્યું.
અર્ધેક પહોંચતાં
સમુદ્રે પૂછ્યું : 'થાક્યો ને?'
'તેથી શું ? જવું જ છે આગળ' મેં કહ્યું.
'આટલા વજન સામે ?' સમુદ્ર હસ્યો
જવાબમાં હલેસાં મારી દીધાં.'

દોસ્તો, પરીક્ષા યજ્ઞમાં આત્મવિશ્વાસથી જાતને હોમી દો... નવાં ભવિષ્ય માટે...!!! ખૂબ ખૂબ શુભેચ્છાઓ !!!

સ્પર્શમણિ :

સફળ માણસ બનવાના પ્રયત્નો કરવા કરતાં મૂલ્યનિષ્ઠ માણસ બનવું વધુ સારું છે.

- આલ્બર્ટ આઈન્સ્ટાઈન

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## સ-રસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

લીધો. એ પછી ડો. ત્રિવેદી બારણાં તરફ જતાં-જતાં બોલ્યા, ''હાશ! હવે કોઈકનો જીવ બચાવવાનો મને સંતોષ થયો.'' બધાંના ચહેરા ઉપર અસમંજસના ભાવ જોઈને એ બોલ્યા, ''શેઠ સુખલાલનો જીવ હું બચાવી ન શક્યો એ અફસોસે મને ચેનનો શ્વાસ ન લેવા દીધો. એ એમની છેલ્લી ઘડીઓ ગણતા હતા ત્યારે હું પહોંચ્યો. એમનું એ દર્દભર્યું મોંઢું છેક મારા મૃત્યુ સુધી મારી નજર સામે તરવરતું રહ્યું.... આજ હું ડોક્ટરની ફરજ નિભાવી શક્યો.'' સ્તબ્ધ શ્રોતાઓને એમ જ તાકી રહેલા છોડીને એ બારણાંની બહાર ઓગળી ગયા. એ પછી પાંચ મિનિટ પછી ખરેખર ડો. ત્રિવેદી અને રોનક બસમાંથી દવા લઈને આવી પહોંચ્યા ત્યારે પણ ડો. શાલુ ઝા અને વિદ્યાર્થીઓ એમ જ જડવત્ ઊભાં હતાં!